INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૨૦-૧-૨૦૨૪

**ખાનગી શાળાઓની ફી નિર્ધારણ કેવી રીતે અને કઇ પધ્ધતિથી નક્કી થાય છે સહિત તમામ ખાનગી શાળાઓના આવક-જાવકના હિસાબો સત્તાવાર વેબસાઇટ પર પારદર્શક રીતે જાહેર કરવાની માંગ** કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવેલી સ્વનિર્ભર (ખાનગી) શાળાઓની ફી અંગે વ્યાપક પ્રમાણમાં વિધાર્થી-વાલીઓ, સામાજિક સંગઠનો અને કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યવ્યાપી આંદોલનના કાર્યક્રમ વર્ષ ૨૦૧૭માં વ્યાપક પ્રમાણે થતા અંતે, રાજ્ય સરકારે તા. ૨૦/૦૪/૨૦૧૭ના જાહેરનામાથી ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમન, ૨૦૧૭ તેના નિયમો અમલ પછી જે ફીનું માળખું નિર્ધારીત થયુ તેની સામે વ્યાપક ફરિયાદો સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી છે. જે તે સમયે જાહેર થયેલ ફીના ધોરણો ઘણા વધુ હતા. આડેધડ ફી ના કારણે વધુ વસૂલાતી ફી અંગે રાજ્યની અનેક શાળાઓ સામે વિધાર્થી-વાલીઓ ફરિયાદો કરે, આક્રોશ વ્યક્ત કરે છે. પણ, **શિક્ષણ વિભાગ વ્યાજબી ફરિયાદો અંગે ગંભીરતાથી જે કક્ષાએ કડક પગલા ભરાવા જોઇએ તે લેવાતા નથી તે હકીકત છે.** રાજ્યની તમામ શાળામાં કાર્યરત શિક્ષકો - કર્મચારીઓની શૈક્ષણીક લાયકાત, પગારની સ્લીપ, કેટલા સમયથી કાર્યરત, પી.એફ.ની વિગતો સહિતની બાબતો સત્તાવાર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા. છેલ્લા પાંચ વર્ષના એટલે કે વર્ષ ૨૦૧૮ થી નક્કી થયેલ ફી ના આધારે છેલ્લા પાંચ વર્ષના આવકના હિસાબો જે તે શાળાએ પ્રસિધ્ધ કરવા. જે તે શાળાએ ફી નિર્ધારણ સમિતિને રજુ કરેલ હિસાબો, પ્રસ્થાપિત ફી ના ધોરણો, મંજૂર થયેલ ફી ના આદેશ તમામ સત્તાવાર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા. ફી નિર્ધારણ સમિતિએ નવી ફી નિર્ધારણ કરતા પહેલા સ્વનિર્ભર શાળાઓના આવક-જાવક અંગે, ફી વસૂલાત અંગેની ફરિયાદો, જે તે શાળામાં કાર્યરત શિક્ષકો, લેબોરેટરી અંગેની સુવિધા અંગે ચકાસણી કરીને તમામ બાબતો વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા જેથી વિધાર્થી-વાલીઓને ન્યાય મળે.

રાજ્યની શિક્ષણ વ્યવસ્થા, વિધાર્થીઓ-વાલીઓના હિતમાં અને શિક્ષણના બેફામ વ્યાપારીકરણને રોકવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી હતી કે, ખાનગી શાળાઓ ફી નિર્ધારણ અગાઉ માસિક રૂ. 300 થી ૫૦૦ રૂ. એટલે કે વાર્ષિક રૂ. ૪૦૦૦/- થી રૂ. ૬૦૦૦/- વસૂલતી હતી તે શાળાઓ ફી નિર્ધારણ પછી રૂ. ૧૨૦૦૦/- થી રૂ. ૧૫૦૦૦/- વસૂલાતના લાયસન્સ જે તે સંચાલકોને મળી ગયા. આ બાબતે ફી નિર્ધારણ સમિતિ શુ કરવા માંગે છે ? અનેક ખાનગી શાળાઓના રમતના મેદાન નથી, તો પછી રમતગમત સહિતની એક્ટીવીટીના નામે અનેક શાળાઓ ફી વસૂલી રહ્યા છે તે ચકાસણી કરવામાં આવે. જે ખાનગી શાળાઓ કોર્મશીયલ કોમ્પલેક્ષમાં ચાલતી હોય તે સામે તાત્કાલીક ફી નિર્ધારણ પહેલા ચકાસણી થવી જોઇએ. રાજ્યની અનેક ખાનગી શાળાઓ કાર્યરત શિક્ષકો અને કર્મચારીઓને પૂરતો પગાર પણ ચૂકવતી નથી. જે અંગે ફી નિર્ધારણ પહેલા ચકાસણી થવી જોઇએ. રાજ્યની ખાનગી શાળાઓની ફી નિર્ધારણ / નિયમન સમિતિની વેબસાઇટ ઘણા સમય કાર્યરત જોવા મળતી નથી. તે અંગે ચોકસાઇ કરીને તમામ ઝોનની વેબસાઇટ કાર્યરત રહે તેવું માળખું ગોઠવવા માટે આદેશ આપવા વિનંતી. રાજ્યની ખાનગી શાળાઓની ફી નિર્ધારણ / નિયમન સમિતિમાં વાલીઓને પ્રતિનિધિત્વ મળવું જોઇએ. **હાલમાં મોટી અને ખ્યાતી પ્રાપ્ત ખાનગી શાળાઓ મનફાવે તે રીતે ફી ઊઘરાવે છે તેના પર રોક લગાવવામાં ફી નિયમન સમિતિ નિષ્ફળ રહી છે ત્યારે, આવી શાળાઓની વ્યાપારીક પ્રવૃત્તીઓ પર રોક લગાવવી જરૂરી જેથી વાલીઓને રાહત મળે.** રાઇટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત મોટી શાળાઓ ગરીબ બાળકોના નામ પૂરતા પ્રવેશ આપે છે અને પ્રવેશ આપે તો ભેદભાવ રાખીને એક-બે વર્ષમાં RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિધાર્થીઓના પ્રવેશ યેનકેન પ્રકારે રદ કરે છે ત્યારે **RTE અન્વયે છેલ્લા પાંચ વર્ષમાં ખાનગી શાળાએ આપેલ પ્રવેશની દરેક શાળાની માહિતી પ્રસિધ્ધ કરવામાં આવે**.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા